ક્રમાંક: જીસીઈઆરટી/DIKSHA/2020 [illegible]
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-12,
ગાંધીનગર,
ફોનઃ(079) 23256808,
ઈ મેઈલઃ- gcert12@gmail.com,Web :
www.gcert.gujaral.gov.in
તારીખઃ [illegible]

પ્રતિ,

– જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,

– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,

– શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા બાબત...

સંદર્ભ - (૧) શિક્ષણ મંત્રાલયનો પત્ર–D.O.No.210820/ Secy(SE&L)/3, તા.21-08-2020,

(૨) માન. સચિવશ્રી, પ્રા.અને માધ્ય.શિક્ષણની નોંધ પર પ્રાપ્ત મંજૂરી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસાર જણાવવાનું કે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) અંતર્ગત શિક્ષકો દ્વારા કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા અંગેનું ઓનલાઇન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભે રાજ્યના શિક્ષકો આ ઓનલાઇન સ્પર્ધામાં જોડાય અને તેમની એન્ટ્રી મોકલી આપે તે માટે જિલ્લાકક્ષાએથી શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે આપશ્રીને જણાવવામાં આવે છે. આ ઉપરાંત, બ્લોક તેમજ જિલ્લાકક્ષાએ આવેલ એન્ટ્રીસ પૈકી પસંદગી કરી રાજ્યકક્ષાએ મોકલી આપવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની થાય છે;

1. નીચે જણાવેલ વિવિધ થીમ પર સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે:
   i. Early Child Care and Education: The Foundation of Learning
   ii. Foundational Literacy & Numeracy: An Urgent & Necessary Prerequisite to Learning
   iii. Curtailing Dropout Rates & Ensuring Universal Access to Education at All Levels
   iv. Curriculum & Pedagogy in Schools: Learning Should be Holistic, Integrated, Enjoyable and Engaging
   v. Teachers & Teacher Education
   vi. Equitable and Inclusive Education: Learning for All
   vii. Efficient Resourcing and Effective Governance Through School Complexes/Clusters
   viii. Standard Setting and Accreditation for School Education
   ix. Re-imaging Vocational Education



Scanned with CamScanner

x. Adult Education

xi. Promotion of Indian Languages, Arts & Culture

xii. Online and Digital Education: Ensuring Equitable Use of Technology

2. આ સ્પર્ધા માટે ત્રણ પ્રકારના ફોર્મેટ નક્કી કરવામાં આવેલ છે. શિક્ષકે નીચે પૈકીના કોઇ એક ફોર્મેટમાં કૃતિ તૈયાર કરી શકશે.
   i. ફિલ્મ – 1 થી 2 મિનિટનો સમયગાળો અને MP4 ફોર્મેટ,
   ii. પોસ્ટર્સ – 12" X 8" સાઇઝના પોસ્ટર્સ,
   iii. ઇન્ફોગ્રાફિક્સ – સ્લાઇડ્સ કે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન સ્વરૂપે,
3. આ સ્પર્ધા સૌ પ્રથમ શાળા કક્ષાએ તા. 5મી સપ્ટેમ્બર થી 25મી સપ્ટેમ્બર, 2020 દરમિયાન યોજવાની રહેશે.
4. શિક્ષકોએ શાળાકક્ષાએ **કૃતિની સોફ્ટકોપી / લિંક** તૈયાર કરી જિલ્લા સ્તરે મોકલી આપવાની રહેશે. આ માટે, જિલ્લા સ્તરે પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોએ તેમની કૃતિ જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીને તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોએ તેમના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને કૃતિ મોકલી આપવાની રહેશે.
5. જિલ્લા કક્ષાએથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી / શાસનાધિકારીની કચેરી દ્વારા એકત્ર કરવામાં આવેલ તમામ કૃતિઓની સોફ્ટકોપી / લિંક પ્રાચાર્ય, જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને મોકલી આપવાની રહેશે.
6. પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા શાળાકક્ષાએથી આવેલ તમામ એન્ટ્રીસ (કૃતિઓ) પૈકી કુલ બે (2) કૃતિઓ પસંદ કરવાની રહેશે.
7. આ પસંદ થયેલ બે કૃતિઓની લિંક રાજ્યકક્ષાએ જીસીઇઆરટી, ગાંધીનગર ખાતે નીચે જણાવેલ ફોર્મેટમાં અંગ્રેજીમાં MS Excel માં gcert12@gmail.com મોકલી આપવાની રહેશે. **ઇમેઇલના વિષયમાં તેમજ ફાઇલના નામમાં NEP Competition_(district name) લખવાનું રહેશે.**
8. પસંદ થયેલ એન્ટ્રીની સાથે અંગ્રેજીમાં ટૂંકમાં સમજાવતી નોંધ જોડવાની રહેશે.
9. જિલ્લા શિક્ષણ અને તાલીમ દ્વારા પસંદ થયેલ કૃતિઓ મોકલી આપવા માટેનું ફોર્મેટ:

| જિલ્લાનું નામ | કૃતિની થીમ | કૃતિનું ફોર્મેટ | શિક્ષકનું નામ | શાળાનું નામ, સરનામું | કૃતિની લિંક |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |



Scanned with CamScanner

10. રાજ્યકક્ષાએ જીસીઇઆરટી દ્વારા જિલ્લામાંથી પ્રાપ્ત તમામ કૃતિઓ પૈકી રાજ્યસ્તરની સમિતિ દ્વારા પસંદ થયેલ એન્ટ્રીસ પૈકી પ્રથમ 10 એન્ટ્રીસને જીસીઇઆરટીની વેબસાઇટ પર તા. 15 ઓક્ટોબર પછીથી પ્રદર્શિત કરવામાં આવશે. આ ઉપરાંત, આ 10 એન્ટ્રીસને એનસીઇઆરટી ખાતે મોકલી આપવામાં આવશે.

11. પસંદ થયેલ એન્ટ્રીસનો ઉપયોગ શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા કરવામાં આવશે અને આ ઉપયોગ માટે સ્પર્ધક /શિક્ષકની મંજૂરી છે તેમ માની લેવામાં આવશે.

12. શાળાકક્ષાએથી વધુને વધુ શિક્ષકો જોડાય તે માટેના પ્રયત્નો જિલ્લા દ્વારા કરવાના રહેશે.

13. આ સ્પર્ધા માટે શાળા કક્ષાથી એન્ટ્રી મોકલી આપવાની છેલ્લી તારીખ 25મી સપ્ટેમ્બર, 2020 રહેશે. જ્યારે જિલ્લા સ્તરે તા. 30મી સપ્ટેમ્બર, 2020 સુધી પસંદગી કરી જીસીઇઆરટી ખાતે મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત વિષય સંદર્ભે આપની કક્ષાએથી કામગીરી કરવા માટે આથી જણાવવામાં આવે છે.

નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર

પરીપત્ર નં- 579

ક્રમાંક/મકમ/રાષ્ટ્રીય શિક્ષણ નીતિ/સ્પર્ધા/૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
અમરેલી
તા. ૧૮/૦૯/૨૦૨૦

ઉપરોકત પત્રની વિગતે કૃતિઓ તા.૨૪/૦૯/૨૦૨૦ સુધીમા અત્રેની કચેરીના ઇ-મેઇલ **amrelideo@gmail.com** પર મોકલી આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ. અમરેલી

પ્રતિ.
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ
જિ.અમરેલી

નકલ રવાના જાણ તથા અમલ સારૂ:-
EI તથા AEI શ્રી તમામ, સદર કચેરી